सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

VOL. XLVI] FRIDAY, 24th JUNE, 2005/ASHADHA 3, 1927 [ No. 42

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

**PART-II** **EXTRAORDINARY**

## સુરત મહાનગરપાલિકા

## શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫

**મોજે : વેડ-કતારગામ વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૫૦ (વેડ-કતારગામ) તૈયાર કરવા બાબત.**

## અધિસૂચન

નં. ટીપીડી/૧૫૬૯/૦૫.-ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૨૭-૧-૮૪નાં ઠરાવ નં. ૬૨૬(૧૦)થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટે એપ્રોપ્રીએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એકટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૨૭/૨૦૦૫, તા. ૧૮-૬-૨૦૦૫ થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૫૦માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ વેડ-કતારગામ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૫૦ (વેડ-કતારગામ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત, ૨૩ માહે જૂન સને ૨૦૦૫.

**પંકજ જોષી,**

કમિશનર,

સુરત મહાનગરપાલિકા,

**મોજે : વેડ વિસ્તારની નગર રચના યોજના સુરત નં. પર (વેડ) તૈયાર કરવા બાબત.**

## અધિસૂચન

નં: ટીપીડી/૧૫૭૧/૦૫.-ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૨૭-૧-૮૪નાં ઠરાવ નં. ૬૨૬(૧૦)થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટે એપ્રોપ્રીએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એકટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૨૬/૨૦૦૫, તા. ૧૮-૬-૨૦૦૫ થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/પર માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ વેડ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. પર (વેડ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

પંકજ જોષી,

સુરત, ૨૩ માહે જૂન સને ૨૦૦૫.

કમિશનર,
સુરત મહાનગરપાલિકા,

### ઠરાવ

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૧૮-૬-૨૦૦૫ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.

મ્યુ. કમિશનરશ્રીનાં તા. ૬-૫-૨૦૦૫નાં પત્ર નં. : સીમીસ/૮/૩થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદમાં મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. : પર (વેડ) તૈયાર કરવા અંગે ફાઈલમાં પાના નં. ૨૭ ઉપર સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના, સુરત નં. : પર (વેડ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે ફાઈલમાં પાના નં. : ૩૫ ઉપર સામેલ અધિસૂચન મંજુર કરવાનું તેમજ સદર અધિસૂચનને બહોળો ફેલાવો ધરાવતા સ્થાનિક દૈનિકપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તેમજ ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીનાં રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાન નં. : ૨૬/૨૦૦૫ સર્વાનુમત્તે મંજુર.

**મોજે : ડભોલી વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૫૧ (ડભોલી) તૈયાર કરવા બાબત.**

## અધિસૂચન

નં. ટીપીડી/૧૫૭૦/૦૫.-ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬નાં કલમ-૨૨ના પેટા કલમ (૧) અન્વય રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૨૭-૧-૮૪નાં ઠરાવ નં. ૬૨૬(૧૦)થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટે એપ્રોપ્રીએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૨૮/૨૦૦૫, તા. ૧૮-૬-૨૦૦૫ થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૫૧ માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ ડભોલી વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૫૧ (ડભોલી) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત, ૨૩ માહે જૂન સને ૨૦૦૫.

પંકજ જોષી,
કમિશનર,
સુરત મહાનગરપાલિકા,

## ઠરાવ

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૧૮-૬-૨૦૦૫ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.**

મ્યુ. કમિશનરશ્રીનાં તા. ૬-૫-૨૦૦૫નાં પત્ર નં. : સીમીસ/૮/૫થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદમાં મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. : ૫૧ (ડભોલી) તૈયાર કરવા અંગે ફાઈલમાં પાના નં. ૨૭ ઉપર સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના, સુરત નં. : ૫૧ (ડભોલી) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે ફાઈલમાં પાના નં. : ૩૫ ઉપર સામેલ અધિસૂચન મંજુર કરવાનું તેમજ સદર અધિસૂચનને બહોળો ફેલાવો ધરાવતા સ્થાનિક દૈનિકપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તેમજ ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીનાં રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. : ૨૮/૨૦૦૫ સર્વાનુમત્તે મંજુર.

# પોરબંદર વિસ્તાર વિકાસ સત્તા મંડળ

# (પોરબંદર નગરપાલિકા)

## ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬

# અધિસૂચના

------

મ્યુ. બાં. જા. નં. ૪૩/૦૫.-પોરબંદર વિસ્તાર વિકાસ સત્તામંડળે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૯ની જોગવાઈ હેઠળ પોરબંદર વિસ્તાર વિકાસ તરીકે જાહેર કરેલ વિસ્તાર માટે આ સાથેની અનુસૂચિમાં વર્ણવેલ વિગતો સાથેની મુસદ્દારૂપ પુનરાવર્તિત વિકાસ નકશો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરેલ છે. સદર અધિનિયમની કલમ-૧૩ની પેટાકલમ (૧) અનુસાર આ સત્તા મંડળ આથી નોટિસ આપે છે કે આ સાથેની અનુસૂચિમાં વર્ણવેલ વિગતવાળી પોરબંદરની મુસદ્દારૂપ પુનરાવર્તિત વિકાસ યોજના પોરબંદર નગરપાલિકા કચેરીમાં એટલે કે પોરબંદર વિસ્તાર વિકાસ સત્તામંડળની કચેરીમાં જાહેર રજાના દિવસો સિવાય કચેરીનાં કામકાજનાં સમય દરમ્યાન લોકોને જોવા માટે મુકવામાં આવેલ છે. ગુજરાત રાજ્યનાં રાજ્યપત્રમાં આ અધિસૂચના પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદત દરમ્યાનમાં કોઈપણ વ્યક્તિ આ પુનરાવર્તિત મુસદ્દારૂપ વિકાસ યોજનાને લગતાં વાંધા સૂચનો લેખિત રીતે નીચે સહી કરનારને જણાવશે તો આ સત્તામંડળ ધ્યાનમાં લેશે અને જરૂર જણાયે જરૂરી સુધારાઓ કરશે.